# કોમનવેલ્થ ગેમ્સમાં ભારતની શાનદાર શરૂઆત



## પ્રથમ દિવસે જ ભારતે નવ ચંદ્રકો જીતી લીધા : ગ્લાસ્ગોમાં ભારતીય એથલીટોની ધારણા પ્રમાણે જોરદાર શરૂઆત : પુરૂષોની ૧૦ મીટર એર રાઇફલમાં અભિનવ બિંદ્રા સુવર્ણ જીતવામાં સફળ : ૪૮ કિલોગ્રામ મહિલા વેઇટ લિફ્ટિંગમાં ભારતને એક સુવર્ણ અને એક રજત

ગ્લાસ્ગો, તા.૨૫

વિશ્વભરના રમતપ્રેમીઓ જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોઇ રહ્યા હતા તે કોમનવેલ્થ ગેમ્સના પ્રથમ દિવસે જ ભારતે તેનુ પ્રભુત્વ જમાવ્યું હતુ. પ્રથમ દિવસે જ ભારતે કુલ નવ ચન્દ્રક જીતીને ભારતીય ચાહકોને રોમાંચિત કરી દીધા હતા. ભારતે ચન્દ્રક મેળવી લેવાની પ્રથમ દિવસે શરૂઆત કરતા નવી આશા જાગી છે. આજે મોડેથી ભૂતપૂર્વ ઓલિમ્પિક ચેમ્પિયન અભિનવ બિંદ્રાએ પુરુષોની ૧૦ મીટર એરરાઇફલમાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. બેરી બુડોન શૂટિંગ સેન્ટર ખાતે આ સ્પર્ધા યોજાઈ હતી અને બિંદ્રાએ ૩.૨ પોઇન્ટ માર્જિનથી જીત મેળવી હતી. સુખન ડેએ ભારતને સુવર્ણ ચન્દ્રક જીતાડવામાં સફળતા મેળવી હતી. પ્રથમ દિવસે ભારતે જુદી જુદી રમતોમાં સારો દેખાવ કર્યો હતો અને વર્ષ ૨૦૧૦ની સફળતાની યાદ તાજી કરી હતી. સુશીલા લિકમાબમ અને નવજોત ચાનાએ જુડોમાં રજત પર કબજો જમાવ્યો હતો. જો કે બન્ને પાસેથી ગોલ્ડની અપેક્ષા હતી. કલ્પના થુડમે કાસ્ય જીતી જવામાં સફળ રહી હતી. ચાનાએ પુરૂષ વર્ગમાં ૬૦ કિલો વર્ગ અને સુશીલાએ મહિલામાં ૪૮ કિલો વર્ગમાં ચન્દ્રક જીત્યા હતા. કલ્પનાએ ૫૨ કિલો વર્ગમાં જુડોમાં ચન્દ્રક જીતી જવામાં સફળતા મેળવી હતી. આ

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

નવા અનુભવો, નવી જ તકલીફો વિના પ્રવાસ યાત્રા નથી બની શકતો
- કાકાસાહેબ કાલેલકર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૩૬ | ૨૬ જુલાઇ, ૨૦૧૪, શનિવાર; અષાઢ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગર સોલાર સીટી ૨૦૧૭માં બનશે

## રાજય સરકારે ૨૦૦૮માં જાહેરાત કરી પણ હજુ સુધી ફાળવેલી ૧૦૫ કરોડની રકમમાંથી માત્ર ૭૦ કરોડ જ ખર્ચ થયો

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરને સોલાર સીટીનું બિરૂદ મેળવવા માટે વધુ ત્રણ વર્ષ રાહ જોવી પડશે. રાજય સરકાર સોલાર સીટી બનાવવાનું આયોજન ૨૦૧૭માં પૂર્ણ થશે તેવું માની રહી છે.

રાજયના ઊર્જા વિભાગ સથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યાનુસાર ગાંધીનગર શહેરને સોલાર સીટી બનાવવાની જાહેરાત ૨૦૦૮-૦૯માં કરી હતી. આ જાહેરાત પાટનગર ના જન્મદિનની ઉજવણી દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ કલ્પના રૂપે રજુ કરી હતી.

આ પછી રાજય સરકાર દ્વારા ગાંધીનગર શહેરને સોલાર સીટી બનાવવાની દિશામાં કામગીરી હાથ ધરવામાં આવી હતી. સોલાર ઊર્જા ગાંધીનગરમાંથી ૪૫ મે.વો. જેટલી ઉત્પન્ન થઈ શકે તેવો શકયતાદર્શી અહેવાલ પણ સરકારના ઊર્જા વિભાગ પાસે છે.

રાજય સરકારે સોલાર સીટીનું ગાંધીનગરને બિરૂદ મળે અને આ પ્રોજેકટમાં કેન્દ્રની સહાય મળે તે માટે ભારે રાજકીય દબાણ પણ ઉભું કરી અને ગાંધીનગરનો સમાવેશ કેન્દ્રની યોજનામાં કરાવ્યો હતો.

મળતી વિગતો પ્રમાણે સરકારે સોલાર સીટીની કલ્પનાને સાકાર કરવા માટે સરકારી કચેરીઓની છત પર પેનલો પણ લગાવી છે. જો કે આ પછી જનભાગીદારીથી આગળ વધવાના અભિગમ સાથે સરકારે રૂફ ટોપ પોલીસી જાહેર કરી હતી.

જો કે સરકારના આ અભિગમને ધાર્યો પ્રતિસાદ મળ્યો નથી. ખાનગી મકાનોમાં સોલાર લાઈટના ઉત્પાદનમાં નબળો પ્રતિસાદ રહ્યો છે.

રાજય સરકારે ગાંધીનગર શહેરને સોલાર સીટી બનાવવા માટે રૂ. ૧૦૫.૬૭ કરોડની ફાળવણી કરી

● અનુસંધાન પાન-૭ પર



# ગાંધીનગરમાં ઝરમર વરસાદ



(તસવીર : દિપક જાની)

## છેલ્લા ૨૪ કલાકમાં માત્ર ૧૨ મી.મી. વરસાદ વરસાદી વાતાવરણમાં શહેર હીલ સ્ટેશનમાં ફેરવાયું

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં સતત ત્રીજા દિવસે વરસાદી માહોલ યથાવત રહ્યો છે. જો કે ધોધમાર વરસાદની જગ્યાએ વરસાદના ઝીણા ફોરા આખો દિવસ વરસતા રહ્યા હતા. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન શહેરમાં માત્ર ૧૨ મી.મી. વરસાદ નોંધાયો હતો.

જુલાઈ માસના બીજા પખવાડિયાથી શરૂ થયેલો વરસાદ ધરાને ભીંજવી રહ્યો છે. એકાદ દિવસના વિરામ બાદ છેલ્લા ત્રણ દિવસથી પુનઃ ચોમાસુ સક્રિય થયું છે. ગાંધીનગરમાં ગઈકાલે સારો કહી શકાય તેવો વરસાદ પડ્યો હતો. પરંતુ આજે આખો દિવસ આકાશમાં કાળા વાદળો છવાયેલા રહ્યા હોવા છતાં નોંધપાત્ર વરસાદ પડ્યો ન હતો. આખો દિવસ ઝરમર ફોરા વરસતા રહ્યા હતા. વાદળો ખુબ હોવા છતાં ધોધમાર વરસાદ પડ્યો ન હતો. શહેરનું વાતાવરણ ચોક્કસ હીલસ્ટેશનમાં ફેરવાઈ ગયું છે. વાતાવરણમાં ઠંડક પ્રસરતા ગરમીથી રાહત મળી છે. આજે મહત્તમ તાપમાન ૨૮.૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૪.૫ ડિ.સે. નોંધાયું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૧૦૦ ટકા અને સાંજે ૮૫ ટકા રહ્યું હતું.

# મુસાફરી ટિકિટ પર લેવાતા ટેક્સ ઘટાડી ૭.૫ ટકા થશે

## ગરીબ-મધ્યમવર્ગના લોકોને એસટી બસમાં રાહત : એસટી બસના ભાડામાં ઘટાડો થવાથી પ્રજાજનને રાહત ગુજરાત મોટર વાહન સુધારા વિધેયક વિના વિરોધે પસાર

ગાંધીનગર, તા.૨૫

વાહનવ્યવહાર મંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના પ્રજાજનોના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. ત્યારે રાજ્યના ગરીબ મધ્યમવર્ગના લોકોને એસટી બસ ભાડામાં રાહત આપવાનો ઐતિહાસિક નિર્ણય કરાયો છે. મુસાફરીમાં ટીકીટ પર લેવાતો ૧૭.૫ ટકા પેસેન્જર ટેક્ષ ઘટાડીને ૭.૫ ટકા કરવામાં આવશે, જેનાથી એસટી બસના ભાડામાં ઘટાડો થશે, જેનો સીધો લાભ પ્રજાજનોને મળશે. તેમણે ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વ હેઠળ ગતિશીલ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત પ્રજાકીય લાભોના અનેકવિધ પગલા લેવાઈ રહ્યાં છે જેના ભાગરૂપે આ નિર્ણય લેવામાં આવશે. એસટી

● અનુસંધાન પાન-૭ પર

# અડાલજમાં કરંટથી એકનું મોત

## જિલ્લામાં વરસાદના હળવા ઝાપટા નોંધાયા : સૌથી વધુ વરસાદ માણસામાં સૌથી ઓછો ગાંધીનગરમાં

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર તાલુકામાં અડાલજ ખાતે વીજળીના થાંભલાનો કરંટ લાગતાં એક વ્યકિતનું મૃત્યુ નિપજયું છે.

જિલ્લામાં થઈ રહેલા ધીમી ધારના વરસાદમાં થાંભલા નજીક વરસાદથી બચવા પસાર થતાં વ્યકિતનું ગઈ કાલે રાત્રે અવસાન થયું હતું. આજે આ અંગેની જાણ થતાં તંત્રના અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા.

દરમિયાન જિલ્લામાં આજે દહેગામ તાલુકાને બાદ કરતાં દિવસ દરમિયાન પણ વરસાદના હળવા ઝાપટા નોંધાયા છે. જિલ્લામાં વરસાદ ખેંચાતા ડોકાતા દુષ્કાળે હવે વિદાય લીધી છે તેથી રાહતનો દમ તંત્રના અધિકારીઓએ લીધો છે.

● અનુસંધાન પાન-૭ પર

# હજુ પણ ગાંધીનગરમાં લાલબત્તીનો મોહ

## ગાંધીનગરમાં જ કેટલાય પદાધિકારીઓએ ગાડી પરથી લાઈટ હટાવી નથી : સુપ્રિમ કોર્ટના આદેશ બાદ પણ મોટા ભાગના ગાડીઓ પર લોટા યથાવત : મોટા નેતાઓની ગાડી પરથી લાઈટ કોણ હટાવે ? પોલીસ મુંઝવણમાં

ગાંધીનગર, તા. ૨૫

પ્રજા વચ્ચે જઈને રોલો પાડવા... પોતાનું અલગ જ એક સ્ટેટસ દર્શાવવા... તો ક્યાં રોફ જમાવવા પણ લાલ અથવા પીળી લાઈટ(લોટો) ગાડી ઉપર લગાડી કેટલાય અધિકારીઓ-પદાધિકારીઓ ફરતા હતા. સુપ્રિમ કોર્ટે આપેલા આદેશ બાદ રાજ્યમાં મોટાભાગના નેતા, અધિકારીઓ અને પદાધિકારીઓ કે જેમને લાલ-પીળી લાઈટ ગાડી ઉપર લગાડવાની સત્તા નથી અને છતાંય લગાડીને ફરતા હતા તેમણે લાઈટ હટાવી લીધી છે. તો બીજી તરફ ગાંધીનગરમાં પોલીસે લાઈટો હટાવવાની ઝુંબેશ કર્યા બાદ પણ હજુ અડધો અડધ પદાધિકારીઓની ગાડીઓ પર લાલ અને પીળી લાઈટ યથાવત જોવા મળી રહી છે. ગાંધીનગરના મહાનુભાવોને હજુ પણ ગાડી પરના લોટાનો મોહ જતો નથી તેમ કહેવું જરાય અતિશયોક્તિભર્યુ નથી...!


સુપ્રિમ કોર્ટના આદેશ બાદ રાજ્યભરમાં પોલીસે ડ્રાઈવ રાખીને બિન અધિકૃત રીતે ગાડી પર લગાવાયેલી લાઈટો હટાવી હતી. ગાંધીનગર પોલીસે પણ આ ડ્રાઈવમાં દોઢસોથી વધુ ગાડીઓ પરની લાલ-પીળી લાઈટો કઢાવી હતી, તો કેટલાક અધિકારીઓએ જાતે જ લાઈટ હટાવી દઈ સુપ્રિમ કોર્ટના આદેશનું સન્માન જાળવ્યું હતુ. જો કે હજુ પણ અડધોઅડધ નેતાઓ અને પદાધિકારીઓ ગાંધીનગરમાં છે જે પોતાની ગાડીમાંથી લાઈટ હટાવવા તૈયાર જ નથી.

પોલીસ પણ મુંઝવણમાં છે કે તે આટલા મોટા પદ પર બેસેલા નેતાને કેવી રીતે ગાડી પરથી લાઈટ હટાવવાનો આદેશ કરે ? જો કોઈ હિંમત કરીને લાઈટ હટાવવા પહોંચી જાય તો બદલી થઈ જશે તેવો ડર પણ રહે..! પરંતુ સ્વેચ્છાએ હજુ પણ ગાંધીનગરના મહાનુભાવો પોતાની ગાડીમાંથી લાઈટ કાઢવાનું સમજતા નથી અને લોટાનો મોહ તેમને છુટતો નથી...!

## NEWS બિટ્સ

### ● મોદીની આત્મકથા ચાઈનીઝ ભાષામાં

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર




મોદીની આત્મકથા ‘મોદી ઈનક્રેડીબલ ઈમર્જન્સ ઓફ અ સ્ટાર’ ચાઈનીઝ ભાષામાં પ્રકાશિત કરવામાં આવી છે. ભાજપના સાંસદ અને પત્રકાર તરુણ વિજય દ્વારા લખાયેલી આ આત્મકથા સિયુઆન યુનિવર્સિટીના સાઉથ એશિયા સ્ટડી સેન્ટરમાં પ્રકાશિત કરવામાં આવી છે.

### ● ભારતમાં અતિ ધનવાનોની સંખ્યા વધી

દેશમાં અલ્ટ્રારીચ એટલે કે અતિ ધનવાનોની સંખ્યા એક વર્ષમાં ૧૬ ટકા વધી છે. દર વર્ષે કરાતા અભ્યાસ મુજબ ૨૦૧૪માં અલ્ટ્રા હાઈટ નેટવર્થ હાઉસહોલ્ડની સંખ્યા ૧૬ ટકા વધીને ૧.૧૭ લાખ થઈ છે. કોટક વેલ્થ મેનેજમેન્ટ દ્વારા આ અંગે કરવામાં આવેલા અભ્યાસમાં દેશમાં ધનવાનોની વધતી સંખ્યા ઉપરાંત તેઓ કઈ રીતે દોલત વધારે છે અને ક્યાં રોકાણ કરે છે, ખર્ચ કરે છે તેનો એક સર્વગ્રાહી રીપોર્ટ તૈયાર કરાયો છે.

### ● ૨૫ ઓગષ્ટે ભારત-પાક વચ્ચે શાંતિ વાર્તા

લાઈન ઓફ કન્ટ્રોલ અને બંને દેશો વચ્ચેની આંતરરાષ્ટ્રીય



સરહદે ગોળીબાર બંધ થવા જોઈએ એવી રજુઆત સાથે ભારે પાકિસ્તાન સાથે ૨૫ ઓગષ્ટ વિદેશ સચિવ સ્તરની શાંતિ-વાર્તા યોજવા સહમતી આપી છે. પાકિસ્તાની વિદેશ સચિવ એઝીઝ અહેમદે ભારતીય વિદેશ સચિવ સુજાતા સિંહને ફોન કરી શરતી સહમતી મેળવી લીધી છે.

### ● રેલવેની ઈ-ટીકીટ પર હવે મેનુ છપાશે

રેલવેની પેન્ટ્રીકારની ભોજનની ગુણવત્તા નીચી હોવાના તથા મનફાવે તેવા ભાવ વસુલવામાં આવતા હોવાના મામલે સર્જાયેલા ઉહાપોહને પગલે હવે મહત્વના પગલા લેવાની તૈયાર કરવામાં આવી છે.પેન્ટ્રીકારના કોન્ટ્રાક્ટરો મનફાવે તેવા ભાવ ન લે તે માટે હવે ઈ-ટીકીટ પર જ મેનુ છપાશે. જેમાં વિવિધ ચીજવસ્તુઓના ભાવ પણ છપાશે.

